
# Chapter-3

## Adholok & Madhyalok


**રત્ન-શર્કરા-વાલુકા-પંક-ધૂમ-તમો-મહાતમઃ પ્રભા ભૂમયઃ ઘન-અમ્બુ-વાત-આકાશ-પ્રતિષ્ઠાઃ સપ્ત અધઃ અધઃ પૃથુતરાઃ ૩-૧**

**શબ્દાર્થ :** રત્ન = રત્નપ્રભા-(પહેલીનરક), શર્કરા = શર્કરાપ્રભા (બીજીનરક), વાલુકા = વાલુકાપ્રભા(ત્રીજીનરક), પંક = પંકપ્રભા (ચોથીનરક), ધૂમ = ધૂમપ્રભા (પાંચમીનરક), તમઃ = તમઃપ્રભા (છઠ્ઠીનરક), મહાતમઃ = મહાતમઃપ્રભા (સાતમી નરક), ભૂમિ = નરકભૂમિ (પૃથ્વી) ધનામ્બુ = બરફની પાટ જેવું થીજેલું પાણી, વાત = વાયુ, આકાશ = આકાશ, પ્રતિષ્ઠાઃ = સ્થિત / રહેલી, સપ્ત = સાત, અધઃઅધઃ = નીચે - નીચેની, પૃથુતરા = વિસ્તારવાળી.

**સૂત્રાર્થ :** રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃ પ્રભા (એમ સાત નરક) પૃથ્વીઓ છે.(એ સાત પૃથ્વીઓ) ઘનામ્બુ (ઘનોદધિ), ઘનવાત, તનવાત, અને અકાશ ને આધારે રહેલી છે. (ક્રમશઃ) એક એકની નીચે આવેલી છે, (અને ક્રમશઃ) વધારે વધારે પહોળી છે.


जैन दर्शनानुसार
विश्व दर्शन १४ राजलोक
अनत अलोक
लोकाग्र भाग
अनंतसिद्ध भगवत
पांच अनुत्तर
सिद्धशिला
नव ग्रैवेयक
१२ वैमानिक देवलोक
ऊर्ध्वलोक
अनंत अलोकाकाश
१२ वैमानिक देवलोक
नवलोकान्तिक
३ किल्बिषिक
अनंत अलोकाकाश
८ व्यंतर - ८ वाणव्यंतर
१० भवनपति
१५ परमाधामी
१० तिर्यग् जृंभक
मध्यलोक
तिर्च्छालोक
५+५
चर-अचर ज्योतिष चक्र
मेरु पर्वत
असंख्य द्वीप समुद्रो
नरक १
१ लाख ८० हज़ार योजन
शर्करा प्रभा
नरक २
घनोदधिवलय
घनवात वलय
तनवात वलय
१ लाख ३२ हज़ार योजन
वालुका प्रभा
नरक ३
अधोलोक
१ लाख २८ हज़ार योजन
पंक प्रभा
नरक ४
१ लाख २० हज़ार योजन
धूम प्रभा
नरक ५
१ लाख १८ हज़ार
तम. प्रभा
नरक ६
तमस्तमः प्रभा
नरक ७
१ लाख ८ हज़ार योजन
१४
१३
१२
११
१०
९
८
७
६
५
४
३
२
१
अलोक
त्रसनाडी
अलोक
स्क्रीन प्रिन्टर्स : किरीट बी. वडेचा

# ચૌદ રાજ લોક



લોકની ઉપર અનંત અલોક
અલોકાકાશ
લોકની ફરતો બધી
દિશામાં અનંત અલોક
લોકનો અગ્રભાગ
પહોળાઈ ૧ રાજ
અનંતાનંત સિદ્ધાત્માઓ
સિદ્ધશિલા (મોક્ષ સ્થાન)
૪૫ લાખ યોજન લાંબી
પાંચ અનુત્તર વિમાન
૧૪ રાજ
૧૩ રાજ
૧૧૧ વિમાન
૧૦૭ વિમાન
૧૦૦ વિમાન
નવ
ગ્રૈવેયક
કુલ ૩૧૮ વિમાન
ઊર્ધ્વલોક
આરણ
આનત
અચ્યુત
પ્રાણત
૧૨ રાજ
૧૧ રાજ
પહોળાઈ ૫ રાજ
સહસ્રાર
શુક્ર
વૈમાનિક દેવલોક
૩ કિલ્બિષિક દેવોનાં સ્થાન
નવ લોકાન્તિક દેવોનાં સ્થાન
લાંતક
બ્રહ્મલોક
૧૦ રાજ
અલોકાકાશ
લોકની ફરતો બધી
દિશામાં અનંત અલોક
આલોકાકાશ
લોકની ફરતો બધી દિશામાં
અનંત અલોક છે.
સનતકુમાર
માહેન્દ્ર
૯ રાજ
સૌધર્મ
ઈશાન
સૂર્ય
ચંદ્ર
૮ રાજ
ચર - અચર જ્યોતિષચક્ર
મેરુ પર્વત
મધ્યલોક - મનુષ્યલોક
વાણવ્યંતર-વ્યંતર-ભવનપતિ
દેવોનાં સ્થાન
તિર્ચ્છાલોકવર્તી અસંખ્ય દ્વીપ-સમુદ્રો
પહોળાઈ ૧ રાજ
૧૪ રાજલોકનું મધ્યબિંદુ
પહેલી નરક પૃથ્વી - રત્ન પ્રભા
રત્નપ્રભા-૧
ઘનોદધિ
ઘનવાત
તનુવાત
આકાશ
૭ રાજ
બીજી નરક પૃથ્વી
ત્રસનાડી ૧ રાજ પહોળી
૧૪ રાજ લાંબી
ત્રસનાડી ૧ રાજ પહોળી
૧૪ રાજ લાંબી
૬ રાજ
ત્રીજી નરક પૃથ્વી
અધોલોક
૫ રાજ
ચોથી નરક પૃથ્વી
૪ રાજ
પાંચમી નરક પૃથ્વી
સાત નરક પૃથ્વી
૩ રાજ
તમઃ પ્રભા-૬
છઠ્ઠી નરક
પૃથ્વી
૨ રાજ
તમસ્તમઃ પ્રભા-૭
સાતમી
નરક પૃથ્વી
૧ રાજ
લોકની નીચે અનંત અલોક છે.
અહીં લોકની પહોળાઈ ૭ રાજ પ્રમાણે છે
૧ રાજ
૨ રાજ
૩ રાજ
૪ રાજ
૫ રાજ
૬ રાજ
૭ રાજ

રત્નપ્રભા વગેરેની જાડાઈ અને પહોળાઈ નીચે મુજબ છે.

| પૃથ્વી | પૃથ્વીની જાડાઈ | પૃથ્વીની | પ્રતરો | નરકાવાસો |
|---|---|---|---|---|
| રત્નપ્રભા | ૧૮૦૦૦૦ યોજન | એક રજ્જુ | ૧૩ | ૩૦ લાખ |
| શર્કરાપ્રભા | ૧૩૨૦૦૦ યોજન | અઢી રજ્જુ | ૧૧ | ૨૫ લાખ |
| વાલુકાપ્રભા | ૧૨૮૦૦૦ યોજન | ચાર રજ્જુ | ૯ | ૧૫ લાખ |
| પંકપ્રભા | ૧૨૦૦૦૦ યોજન | પાંચ રજ્જુ | ૭ | ૧૦ લાખ |
| ધૂમપ્રભા | ૧૧૮૦૦૦ યોજન | છ રજ્જુ | ૫ | ૩ લાખ |
| તમઃપ્રભા | ૧૧૬૦૦૦ યોજન | સાડા છ રજ્જુ | ૩ | ૯૯,૯૯૫ |
| તમઃતમઃપ્રભા | ૧૦૮૦૦૦ યોજન | સાત રજ્જુ | ૧ | ૫ |

૧. દેવો વગેરેનો રત્નપ્રભાના કયા ભાગમાં વાસ છે તે માટે ચોથા અધ્યાયના પહેલા સૂત્રના વિવેચનમાં જુઓ.

**તાસુ નરકાઃ** ૩-૨

**શબ્દાર્થ :** તાસુ=તેમાં (સાત નરકોમાં), નરકાઃ = જ્યાં નારક જીવો રહે છે.

**સૂત્રાર્થ :** તેમાં (સાતે નારકીમાં) નરકના જીવો (રહે) છે.

| નરકપૃથ્વી | લેશ્યા |
|---|---|
| ૧લી | કાપોત લેશ્યા (તીવ્ર) |
| ૨જી | કાપોત લેશ્યા (તીવ્રતર) |
| ૩જી | પ્રથમ પ્રતરમાં કાપોત લેશ્યા (તીવ્રતમ) |
| | શેષ પ્રતરોમાં નીલ લેશ્યા (તીવ્ર) |
| ૪થી | નીલ લેશ્યા (તીવ્રતર) |
| ૫મી | પ્રથમ પ્રતરમાં નીલ લેશ્યા (તીવ્રતમ) |
| | શેષ પ્રતરોમાં કૃષ્ણ લેશ્યા (તીવ્ર) |
| ૬ઠ્ઠી | કૃષ્ણ લેશ્યા (તીવ્રતર) |
| ૭મી | કૃષ્ણ લેશ્યા (તીવ્રતમ) |

## નિત્ય-અશુભતર-લેશ્યા-પરિણામ-દેહ-વેદના-વિક્રિયાઃ ૩-૩

**શબ્દાર્થ :** નિત્ય = હંમેશા, અશુભતર = વધારે અશુભ, લેશ્યા = આત્માનો અધ્યવસાય, પરિણામ = નરકોમાં રહેલા પુદ્ગલ દ્રવ્યોના અશુભ પરિણામો, દેહ = શરીર, વેદન = દુઃખ, વિક્રિયા = ઉત્તર વૈક્રિય શરીર

**સૂત્રાર્થ :** (નારકો) સદા અશુભતર લેશ્યા, પરિણામ, દેહવેદના અને વિક્રિયાવાળા હોય છે.

## પરસ્પર - ઉદીરિત - દુઃખાઃ   ૩-૪

**શબ્દાર્થ :** પરસ્પર = એકબીજાને, ઉદીરિત = ઉત્પન્ન કરેલા, દુઃખ = દુઃખોવાળા

**સૂત્રાર્થ :-** (નરકના જીવો) પરસ્પર ઉદીરિત દુઃખવાળા હોય છે. (અર્થાત્ આ જીવો અન્યોન્ય એકબીજાને દુઃખ આપે છે)

**સંકિલષ્ટ - અસુર - ઉદીરિત - દુઃખાઃ ચ પ્રાક્ ચતુર્થ્યાઃ ૩-૫**

**શબ્દાર્થ :-** સંકિલષ્ટ = તીવ્ર સંકલેશરૂપ પરિણામ, ઉદીરિત = ઉત્પન્ન કરાયેલા, પ્રાક્ = પૂર્વે, ચતુર્થ્યા = ચોથી (નરકથી).

**સૂત્રાર્થ :-** સંકિલષ્ટ પરિણામી એવા અસુરોએ (પરમાધામી દેવોએ) ઉત્પન્ન કરેલાં દુઃખો ત્રીજી નરક સુધી હોય છે.

**તેષુ એક - ત્રિ - સપ્ત - દશ - સપ્તદશ - દ્વાવિંશતિ**
**ત્રયસ્ત્રિંશત્ - સાગરોપમાઃ સત્વાનાં પરા સ્થિતિઃ** **૩-૬**

**શબ્દાર્થ :** તેષુ = તે નરકોને વિષે, એક-ત્રિ-સપ્ત-દશ = એક-ત્રણ-સાત-દશ, સપ્તદશ = સત્તર(૧૭), દ્વિવિંશતિ = બાવીસ(૨૨), ત્રયસ્ત્રિંશત્ = તેત્રીસ (૩૩), સાગરોપમ = સંખ્યાનું એક માપ છે, સત્વાનાં = જીવોની, પરા = ઉત્કૃષ્ટ (સૌથી વધુ), સ્થિતિ = આયુષ્ય.

**સૂત્રાર્થ :** તે (સાત નારકીમાં) જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે ૧-૩-૭-૧૦-૧૭-૨૨ અને ૩૩ સાગરોપમનું હોય છે.

| નારકીનું નામ | ઉત્કૃષ્ટ આયુષ્ય | જઘન્ય આયુષ્ય |
|---|---|---|
| રત્નપ્રભા | ૧ સાગરોપમ | દશ હજાર વર્ષ |
| શર્કરાપ્રભા | ૩ સાગરોપમ | ૧ સાગરોપમ |
| વાલુકાપ્રભા | ૭ સાગરોપમ | ૩ સાગરોપમ |
| પંકપ્રભા | ૧૦ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ધૂમપ્રભા | ૧૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| તમઃપ્રભા | ૨૨ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| તમઃતમઃપ્રભા | ૩૩ સાગરોપમ | ૨૨ સાગરોપમ |


| જીવ | કઈ નરક સુધી ઉત્પન્ન થઈ શકે ? |
|---|---|
| અસંજ્ઞી પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય | પહેલી નરક સુધી |
| ગર્ભજ ભુજપરિસર્પ | બીજી નરક સુધી |
| પક્ષી (ખેચર) | ત્રીજી નરક સુધી |
| સિંહ (ચતુષ્પદ) | ચોથી નરક સુધી |
| સર્પ (ઉરપરિસર્પ) | પાંચમી નરક સુધી |
| સ્ત્રી | છઠ્ઠી નરક સુધી |
| મનુષ્ય / મત્સ્ય | સાતમી નરક સુધી |


| **સંઘયણબળ** | **કઈ નરક સુધી જન્મે ?** |
|---|---|
| વજ્રઋષભનારાચ વાળા | સાતમી નરક સુધી |
| ઋષભનારાચ વાળા | છઠ્ઠી નરક સુધી |
| નારાચ વાળા | પાંચમી નરક સુધી |
| અર્ધનારાચ વાળા | ચોથી નરક સુધી |
| કીલિકા વાળા | ત્રીજી નરક સુધી |
| સેવાર્ત વાળા | બીજી નરક સુધી |

## જમ્બૂદ્વીપ લવણાદયઃ શુભનામાનઃ દ્વીપ સમુદ્રાઃ ૩-૭

**શબ્દાર્થ :** જમ્બૂદ્વીપ = દ્વીપનું નામ છે, લવણ = સમુદ્રનું નામ, શુભનામાનઃ = શુભ નામવાળા, દ્વીપ સમુદ્રાઃ = દ્વીપ સમુદ્રો.

**સૂત્રાર્થ :** (તિર્ચ્છાલોકમાં) જમ્બૂદ્વીપ અને લવણસમુદ્ર વગેરે શુભનામવાળા (અસંખ્ય) દ્વીપ અને સમુદ્રો છે.


જંબૂ દ્વીપ
લવણ સમુદ્ર
ધાતકી ખંડ
કાલોદધિ સમુદ્ર
પુષ્કરવર દ્વીપ
પુષ્કરવર સમુદ્ર
સ્વયંભૂરમણ દ્વીપ
સ્વયંભૂરમણ સમુદ્ર



જંબૂદ્વીપ-લવણસમુદ્ર
લવણ-સમુદ્ર
વિસ્તાર-૨લાખ યોજન
ચારદિશામાં એક-એક
મહાપાતાળ કળશો ૪
પ્રત્યેક વિદિશામાં
લઘુ કળશો-૧૯૭૧
સૂર્ય-૪
ચંદ્ર-૪
૯ પંક્તિમાં લઘુકળશો ક્રમશ:
૨૨૩-૨૨૨-૨૨૧-૨૨૦
૨૧૯-૨૧૮-૨૧૭
૨૧૬-૨૧૫
જંબૂદ્વીપ-૧લાખયોજન
લઘુહિમવંત-શિખરીપર્વતની
આઠ દાઢામાં
અંતરદ્વીપો ૫૬
યુગલિક ક્ષેત્ર
એક દાઢામાં દ્વીપ-૭
અંતરપ્રમાણ દ્વીપપ્રમાણ
૩૦૦ યોજન ૩૦૦ યોજન
૪૦૦ " ૪૦૦ "
૫૦૦ " ૫૦૦ "
૬૦૦ " ૬૦૦ "
૭૦૦ " ૭૦૦ "
૮૦૦ " ૮૦૦ "
૯૦૦ " ૯૦૦ "
લવણ સમુદ્ર
અંતર દ્વીપ
અનુવેલંધર
ખંડ-૫
ખંડ-૩
પુંડરીક દ્રહ
વિકટાપાતી
રૂપ્યકૂલા નદી
સુવર્ણકૂલા નદી
ઐરણ્યવંત ક્ષેત્ર
મહાપુંડરીક દ્રહ
માલ્યવંત
નારીકાન્તા નદી
નરકાન્તા નદી
રમ્યક ક્ષેત્ર
કેશરી દ્રહ
મેરૂ
તિગિંછી દ્રહ
સૂર્ય દ્વીપ
ચંદ્ર દ્વીપ
વડવામુખ
પાતાળકળશ
હરિકાન્તાનદી
હરિસલિલા નદી
હરિવર્ષ ક્ષેત્ર
ગંધાપાતી
મહા હિમ વંત
મહાપદ્મ દ્રહ
રોહિતાંશાનદી
રોહિતા નદી
હિમવંત ક્ષેત્ર
શબ્દાપાતી
પદ્મ દ્રહ
ખંડ-૩
ખંડ-૫
ભરતક્ષેત્ર
અયોધ્યા
પ્રભાસ વરદામ માગધ
જંબૂદ્વીપના
ખંડ તથા ક્ષેત્ર
વિસ્તાર
ક્ષેત્ર-પર્વત ખંડ યોજન કળા
□ ભરત ૧ ૫૨૬-૬
△ લઘુહિમવંત ૨ ૧૦૫૨-૧૨
□ હિમવંત ૪ ૨૧૦૫-૫
△ મહાહિમવંત ૮ ૪૨૧૦-૫
□ હરિવર્ષ ૧૬ ૮૪૨૧-૧
△ નિષધ ૩૨ ૧૬૮૪૨-૨
□ મહાવિદેહ ૬૪ ૩૩૬૮૪-૪
△ નીલવંત ૩૨ ૧૬૮૪૨-૨
□ રમ્યક ૧૬ ૮૪૨૧-૧
ખં. યો.
△ રૂકમી ૮-૪૨૧૦-૧૦
□ હિરણ્યવંત ૪-૨૧૦૫-૫
△ શિખરી ૨-૧૦૫૨-૧૨
□ ઐરાવત ૧-૫૨૬-૬
ક્ષેત્ર-૭+પર્વત-૬ ૧૯૦/૧લાખયોજન
જંબૂદ્વીપની
નદીઓ
પર્વત દ્રહ મહાનદી પરિવાર નદી
હિમવંત પદ્મ ગંગા-૧૪૦૦૦
સિંધુ-૧૪૦૦૦
રોહિતાંશા-૨૮૦૦૦
મહા હિમવંત મહાપદ્મ રોહિતા-૨૮૦૦૦
હરિકાન્તા-૫૬૦૦૦
નિષધ તિગિંછિ હરિસલિલા-૫૬૦૦૦
સીતોદા-૫૩૨૦૩૮
નીલવંત કેસરી સીતા-૫૩૨૦૩૮
નારીકાન્તા-૫૬૦૦૦
રૂકમી મહાપુંડરીક નરકાન્તા-૫૬૦૦૦
રૂપ્યકૂલા-૨૮૦૦૦
શિખરી પુંડરીક સુવર્ણકૂલા-૨૮૦૦૦
રક્તા-૧૪૦૦૦
રક્તવતી-૧૪૦૦૦
૪
સુસંસ્કાર નિધિ ટ્રસ્ટ

| દ્વીપ | સમુદ્ર | પાણી કેવું ? |
|---|---|---|
| (૧) જમ્બૂદ્વીપ | (૨) લવણ સમુદ્ર | ખારૂ |
| (૩) ધાતકી ખંડ | (૪) કાલોદધિ સમુદ્ર | સ્વાભાવિક |
| (૫) પુષ્કરવર દ્વીપ | (૬) પુષ્કરવર સમુદ્ર | સ્વાભાવિક |
| (૭) વારૂણીવર દ્વીપ | (૮) વારૂણીવર સમુદ્ર | દારૂ જેવું. |
| (૯) ક્ષીરવર દ્વીપ | (૧૦) ક્ષીરવર સમુદ્ર | દૂધ જેવું |
| (૧૧) ઘૃતવર દ્વીપ | (૧૨) ઘૃતવર સમુદ્ર | ઘી જેવું |
| (૧૩) ઈક્ષુવર દ્વીપ | (૧૪) ઈક્ષુવર સમુદ્ર | શેરડીના રસ જેવું |
| (૧૫) નંદીશ્વર દ્વીપ | (૧૬) નંદીશ્વર સમુદ્ર | શેરડીના રસ જેવું |

## દ્વિઃ દ્વિઃ વિષ્કમ્ભાઃ પૂર્વ-પૂર્વ - પરિક્ષેપિણઃ વલય-આકૃતયઃ ૩-૮

**શબ્દાર્થ :** દ્વિઃ દ્વિઃ = બમણા બમણા, વિષ્કમ્ભાઃ = વિસ્તારવાળા, પૂર્વ પૂર્વ = પૂર્વ પૂર્વના, પરિક્ષેપિણઃ = વિંટળાઈને રહેલા, વલય = વલય (બંગડી), આકૃતિઃ = આકાર

**સૂત્રાર્થ :** (તે બધા દ્વીપ અને સમુદ્ર) પૂર્વ પૂર્વના દ્વીપ-સમુદ્રથી બમણા બમણા વિસ્તારવાળા (અને) વીંટળાઈને રહેલા છે અને બંગડીના આકારે છે.


## તન્-મધ્યે મેરુ-નાભિઃ વૃત્તઃ યોજનશતસહસ્ત્ર વિષ્કમ્ભઃ જમ્બૂદ્વીપઃ૩-૯

**શબ્દાર્થ :** તન્ = તે (દ્વીપ-સમુદ્ર), મધ્યે = વચમાં, મેરુ = મેરૂ પર્વત, નાભિઃ = મધ્યભાગ, વૃત્તઃ = ગોળાકાર, યોજન = યોજન (માપ), શતસહસ્ત્ર = એક લાખ, વિષ્કમ્ભઃ = વિસ્તાર, જમ્બૂદ્વીપ = પ્રથમદ્વીપનું નામ.

**સૂત્રાર્થ :** તે (સર્વ દ્વીપ-સમુદ્રો)ની મધ્યમાં એક લાખ યોજનના વિસ્તારવાળો જંબૂ નામે ગોળ દ્વીપ છે તેની મધ્યમાં મેરુ (પર્વત) છે.


મેરૂપર્વત અને ફરતું જ્યોતિષચક્ર
નક્ષત્ર ૮૮૪ યોજન
ચન્દ્ર ૮૮૦ યોજન
સૂર્ય ૮૦૦ યોજન
તારા ૭૯૦ યોજન
શનિ ગ્રહ ૯૦૦ યોજન
મંગળ ગ્રહ ૮૯૭ યોજન
ગુરુ ગ્રહ ૮૯૪ યોજન
શુક્ર ગ્રહ ૮૯૧ યોજન
બુધ ગ્રહ ૮૮૮ યોજન
ચૂલિકા ૪૦ યો.
પંડકવન
અભિષેક શિલા
૧૦૦૦ યોજન
ત્રીજો કાંડ
૩૬૦૦૦ યોજન
શનિ
સ્વાતિ
સોમનસવન
બીજી મેખલા
મંગળ
બીજો કાંડ
અભિજીત
ગુરુ
શુક્ર
મૂળ
૬૩૫૦૦ યોજન
બુધ
ભરણી
નંદનવન
પહેલી મેખલા
૫૦૦ યોજન
ભદ્રશાલ વન
ભૂમિસ્થાને ૧૦૦૦૦ યોજન વિસ્તાર
૧૦૦૦ યો ઊંચાઈ
કંદ વિભાગ
પહેલો કાંડ
૧૦૦૯૦ યોજન ૧૦ ભાગ
● જંબૂદ્વીપની મધ્યમાં મેરૂ ૧લાખ યોજન ઊંચો છે. ● ભૂમિતલથી ૫૦૦ યોજને ૫૦૦ યોજનના ખાંચામાં નંદનવન છે. ● બીજો કાંડ પૂરો થતાં ૫૦૦ યોજનના ખાંચામાં સોમનસવન છે. ● ત્રીજા કાંડના તલભાગે પાંડકવન છે. જયાં ૪ દિશામાં જિનેશ્વરના જન્માભિષેક માટે ૬ શિલા છે. ● ૪૦ યોજન ઊંચી ૪ યોજન પહોળી ચૂલિકા ઉપર શાશ્વત ચૈત્ય છે. ● નીચેથી ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધીમાં જ્યોતિષ ચક્ર નિયમિત ફરે છે.

# મેરુપર્વત




**મેરુ પર્વસનં ચિત્રની દમજ :** મેરુ પર્વતમાં ભૂમિતલથી ૫૦૦ યોજન ઊંચે જતા ચારે બાજુ ૫૦૦ યોજનનો ખાંચો પડે છે. અર્થાત્ તેટલી જમીન સપાટ આવે છે. તેને **નાતનવન**કહે છે. વળી ઉપર ૬૨,૫૦૦ યોજન જતા એ જ રીતે ચારે બાજુ ૫૦૦ યોજનનો ખાંચો આવે છે. તેને **દૈંમનદ** વન કહે છે. વળી ૩૬,૦૦૦ યોજન ઉપર જતાં મેરુનું ઉપરિ તલ આવે છે, આને **પાંડુક્વન** કહેવાય છે. પાંડુકવનની મધ્યમાં ૪૦ યોજન ઊંચી ચૂલિકા છે, જે મૂળમાં ૧૨ યોજન તથા ઉપર ૪ યોજન વિસ્તૃત છે. ચૂલિકાની ઉપર એક શાશ્વત ચૈત્ય છે.

**તત્ર ભરત-હૈમવત-હરિ-વિદેહ-રમ્યક્-હૈરણ્યવત-**
**ઐરાવત વર્ષાઃ ક્ષેત્રાણિ 3-૧૦**

**શબ્દાર્થ :** તત્ર=ત્યાં (જંબૂદ્વીપમાં), ભરત-હૈમવત-હરિવર્ષ-(મહા)વિદેહ- રમ્યક્-હૈરણ્યવત-ઐરાવત=સાત ક્ષેત્રોના નામ છે. વર્ષાઃ = રહેવાના, ક્ષેત્રાણિ = ક્ષેત્રો છે.

**સૂત્રાર્થ :** તે (જંબૂદ્વીપ)માં ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત (એ સાત) ક્ષેત્રો આવેલાં છે.

**તદ્-વિભાજિનઃ પૂર્વ અપર આયતા હિમવત્-મહાહિમવત્-નિષધ-નીલ-રુક્મિ-શિખરિણઃ વર્ષધર પર્વતાઃ** **૩-૧૧**

**શબ્દાર્થ :** તદ્ = તે (ક્ષેત્રો), વિભાજિનઃ = વિભાગ કરનાર, પૂર્વ = પૂર્વ દિશા, અપર = પશ્ચિમ દિશા, આયતા = લંબાયેલા, હિમવન્ = હિમવંત્ (પર્વત), મહાહિમવત્ = મહાહિમવંત (પર્વત), નિષધ = નિષધ (પર્વત), નીલ = નીલવંત (પર્વત), રુક્મિ = રુક્મિ (પર્વત), શિખરી = શિખરી પર્વત, વર્ષધર = ક્ષેત્રમર્યાદા ધારક.

**સૂત્રાર્થ :** તે (સાતે) ક્ષેત્રોનો વિભાગ કરનાર, પૂર્વ-પશ્ચિમ લાંબા (એવા) હિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત, રૂકિમ, શિખરી એમ છ વર્ષધર પર્વતો છે.


| ક્રમ | ક્ષેત્ર/પર્વત | ખંડ સંખ્યા | ક્રમ | ક્ષેત્ર/પર્વત | ખંડ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ભરત ક્ષેત્ર | ૧ | ૮ | નીલવંત પર્વત | ૩૨ |
| ૨ | લઘુ હિમવંત પર્વત | ૨ | ૯ | રમ્યક્ ક્ષેત્ર | ૧૬ |
| ૩ | હૈમવંત ક્ષેત્ર | ૪ | ૧૦ | રૂક્મિ પર્વત | ૮ |
| ૪ | મહાહિમવંત પર્વત | ૮ | ૧૧ | હૈરણ્યવત ક્ષેત્ર | ૪ |
| ૫ | હરિવર્ષ ક્ષેત્ર | ૧૬ | ૧૨ | શિખરી પર્વત | ૨ |
| ૬ | નિષધ પર્વત | ૩૨ | ૧૩ | ઐરાવત ક્ષેત્ર | ૧ |
| ૭ | મહાવિદેહ ક્ષેત્ર | ૬૪ | | | |

**દરેક ખંડનો સરવાળો કરી એ તો =**

૧+૨+૪+૮+૧૬+૩૨+૬૪+૩૨+૧૬+૮+૪+૨+૧ = ૧૯૦


અધ્યાય : ૩, સૂત્ર-૧૧

## જંબૂદ્વીપના ક્ષેત્રો-પર્વતો





આ ચિત્રમાં સાત ક્ષેત્રો, છ વર્ષધર પર્વતો, મેરુ પર્વત, ચાર વૃત્ત વૈતાઢ્ય પર્વતો તથા ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રની મધ્યમાં આવેલા બે દીર્ઘ વૈતાઢ્ય પર્વતો બતાવેલા છે.

# ૫૬ અંતરદ્વીપ


લવણ
ઐરવત ક્ષેત્ર
શિખરી પર્વત
મેરુ પર્વત
જંબૂ
દ્વીપ
લઘુ હિમવંત પર્વત
ભરત ક્ષેત્ર
સમુદ્ર
અંતરદ્વીપો

# મહાવિદેહક્ષેત્ર



નીલવંત પર્વત
ઉત્તર
કુરુ
દેવ
કુરુ
મેરુ
સીતોદા નદી
સીતા નદી
ક
બ
ડ
અ
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪
૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨
નિષધ પર્વત

## દ્વિઃ ધાતકી ખંડે ૩-૧૨

**શબ્દાર્થ :** દ્વિ = બમણા, ધાતકી ખંડે = ધાતકી ખંડ નામના દ્વીપમાં

**સૂત્રાર્થ :** ધાતકી ખંડમાં (ક્ષેત્રો અને પર્વતો જંબૂદ્વીપથી) બમણા છે.

# ધાતકીખંડ



મેરુ પર્વત
જંબૂદ્વીપ
લવણ સમુદ્ર
ઈક્ષુકાર પર્વત
ઐરવત ક્ષેત્ર
હિરણ્યવંત ક્ષેત્ર
રમ્યક ક્ષેત્ર
મહાવિદેહ ક્ષેત્ર
મેરુ
હરિવર્ષ ક્ષેત્ર
હિમવંત ક્ષેત્ર
ભરત ક્ષેત્ર
ઈક્ષુકાર પર્વત
ભરત ક્ષેત્ર
હિમવંત ક્ષેત્ર
હરિવર્ષ ક્ષેત્ર
મહાવિદેહ ક્ષેત્ર
મેરુ
રમ્યક ક્ષેત્ર
હિરણ્યવંત ક્ષેત્ર
ઐરવત ક્ષેત્ર
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
કાલોદધિ સમુદ્ર
પુષ્કરવરાર્ધદ્વીપ

## પુષ્કારર્ધે ચ 3-13


**શબ્દાર્થ :** પુષ્કરાર્ધ = પુષ્કરવર દ્વીપનો અડધો ભાગ

**સૂત્રાર્થ :** પુષ્કરવર દ્વીપના અર્ધા ભાગમાં પણ જંબૂદ્વીપથી બમણા ક્ષેત્રો અને પર્વતો છે.

**પ્રાગ્ માનુષોત્તરાત્ મનુષ્યાઃ** **૩-૧૪**


શબ્દાર્થ : પ્રાગ્ = પૂર્વ ભાગ સુધી, માનુષોત્તરાત્ = માનુષોત્તર પર્વતની

**સૂત્રાર્થ : માનુષોત્તર પર્વતની પહેલા મનુષ્યો (મનુષ્યોનો વાસ) છે.**



અઢી દ્વીપનો નકશો
ઉત્તર દિશા
પૂર્વ દિશા
પશ્ચિમ દિશા
જપ લાખ યોજન પ્રમાણ
૧. જંબૂદ્વીપ = ૧ લાખ યોજન
૨. લવણસમુદ્ર = ૪ લાખ યોજન (બે બાજુના ૨+૨)
૩. ધાતકી ખંડ = ૮ લાખ યોજન (બે બાજુના ૪+૪)
અઢી દ્વીપ - મનુષ્યલોકનું ક્ષેત્ર
૪. કાલોદધિ સમુદ્ર = ૧૬ લાખ યોજન (બે બાજુના ૮+૮)
૫. અર્ધ-પુષ્કરવરદ્વીપ = ૧૬ લાખ યોજન (બે બાજુના ૮+૮)
કાલોદધિસમુદ્ર
કાલોદધિસમુદ્ર
અઢી દ્વીપમાં શાશ્વતા પદાર્થો
સૂર્ય - ૧૩૨
ચંદ્ર - ૧૩૨
વિજય - ૧૭૦
કોટીશીલા - ૧૭૦
અયોધ્યા - ૧૭૦
દ્રહો - ૮૦
તીર્થો - ૫૧૦
શ્રેણિઓ - ૬૮૦
ગુફાઓ - ૩૪૦
બીલ - ૧૨,૨૪૦
વક્ષસ્કાર પર્વતો - ૮૦
અંતરનદીઓ - ૬૦
મહાનદીઓ - ૪૫૦
પ્રપાતકુંડો - ૪૫૦
જંબૂવૃક્ષ વિગેરે - ૧૦
તેના છ છ વલયોના
વૃક્ષો :- ૩૧ કરોડ ૩૩લાખ ૩૧૨૦
કમળો - ૧ અબજ
૪૪ કરોડ, ૬૦ લાખ
૧૪ હજારને ૪૦૦
૪૫૦ મહાનદીઓના
પરિવાર - ૭૨લાખ, ૮૦ હજાર
પાતાલ કલશો - ૭૮૮૮
સિદ્ધાયતન ૪૮૩, પ્રતિમા, ૫૭૯૬૦
મેરૂપર્વત - ૫
વર્ષધરપર્વત - ૩૦
ગજદંતગિરિ - ૨૦
ઇષુકારપર્વત - ૪
વૃ. વૈતાઢ્યપર્વત - ૨૦
દીર્ઘ વૈતા. પર્વત - ૧૭૦
યમક પર્વત - ૫
સમક પર્વત - ૫
ચિત્ર પર્વત - ૫
વિચિત્રપર્વત - ૫
કંચનગિરિ - ૧૦૦૦
અઢી દ્વીપમાં શાશ્વતા પદાર્થો
સર્વપર્વત - ૧૩૫૭
સર્વકૂટો - ૨૩૩૫
ઋષભકૂટો - ૧૭૦
કર્મભૂમિ - ૧૫
અકર્મભૂમિ - ૩૦
અંતરદ્વીપ - ૫૬
સર્વદ્વીપ - ૧૯૧
દેશ - ૫૪લાખ ૪૦ હજાર
ખંડ - ૧૦૨૦
૫

## અઢી-દ્વીપ ૧૫ કર્મભૂમિ



**મનુષ્યક્ષેત્રનું પ્રમાણ** - મનુષ્યક્ષેત્રનું પ્રમાણ ૪૫ લાખ યોજન છે. તે આ પ્રમાણે

| દ્વીપ-સમુદ્ર | પ્રમાણ |
|---|---|
| જંબૂદ્વીપ | ૧ લાખ યોજન |
| લવણસમુદ્ર (બે બાજુ થઈને) | ૪ લાખ યોજન |
| ધાતકીખંડ (બે બાજુ થઈને) | ૮ લાખ યોજન |
| કાલોદધિ સમુદ્ર (બે બાજુ થઈને) | ૧૬ લાખ યોજન |
| પુષ્કરવરાર્ધદ્વીપ (બે બાજુ થઈને) | ૧૬ લાખ યોજન |
| **કુલ** | **૪૫ લાખ યોજન** |

**આર્યા મ્લેચ્છાઃ ચ** **૩-૧૫**

**શબ્દાર્થ :** આર્યા = સાડા પચ્ચીસ આર્ય દેશોમાં ઉત્પન્ન થાય તે આર્ય, મ્લેચ્છ = અનાર્ય.

**સૂત્રાર્થ :** મનુષ્યોના આર્ય અને મ્લેચ્છ (અનાર્ય) એમ બે ભેદ છે.

**ભરત-ઐરાવત-વિદેહાઃ કર્મભૂમયઃ અન્યત્ર દેવકુરુ-ઉત્તરકુરુભ્યઃ ૩-૧૬**

**શબ્દાર્થ :** કર્મભૂમયઃ = કર્મભૂમિઓ, દેવકુરૂ - ઉત્તરકુરૂ = તે તે નામના ક્ષેત્રો

**સૂત્રાર્થ :** પાંચ ભરત, પાંચ ઐરાવત અને દેવકુરુ - ઉત્તરકુરુને છોડીને પાંચ મહાવિદેહ એમ ૧૫ ક્ષેત્રો કર્મભૂમિ છે. **(દેવકુરુ અને ઉત્તરકુરુ અકર્મભૂમિ છે.)**

| કર્મભૂમિ | જંબૂદ્વીપમાં | ધાતકીખંડદ્વીપમાં | પુષ્કરવરાર્ધદ્વીપમાં | કુલ |
|---|---|---|---|---|
| ૫ ભરતક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| ૫ મહાવિદેહક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| ૫ ઐરવતક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |

**કુલ ૧૫ કર્મભૂમિ છે.**

મહાવિદેહક્ષેત્રમાં આવેલ દેવકુરુ-ઉત્તરકુરુ એ કર્મભૂમિ નથી, પણ અકર્મભૂમિ છે.

| અકર્મભૂમિ | જંબૂદ્વીપમાં | ધાતકીખંડમાં | પુષ્કરવરાર્ધદ્વીપમાં | કુલ |
|---|---|---|---|---|
| ૫ હિમવંતક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| ૫ હરિવર્ષક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| ૫ રમ્યકક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| ૫ હિરણ્યવંતક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| ૫ દેવકુરુ | ૧ | ૨ | ૨ | ૫ |
| ૫ ઉત્તરકુરુ | ૧ | ૨ | ૨ | ૫ |

**મનુષ્યક્ષેત્રમાં કુલ ૩૦ અકર્મભૂમિ છે.**

# નૃસ્થિતી પરા-અપરે ત્રિ-પલ્યોપમ-અંતમુર્હૂર્તે 3-17

**શબ્દાર્થ :** નૃ = મનુષ્ય, સ્થિતિ = કાળ, પરા-અપરે = ઉત્કૃષ્ટ અને જઘન્યથી, ત્રિપલ્યોપમ = ત્રણ પલ્યોપમ, અંતર્મુહૂર્ત = કાળનું માપ.

**સૂત્રાર્થ :** મનુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે.

| ક્ષેત્ર | કાળ કેવો હોય ? | ઉત્કૃષ્ટ આયુષ્ય | શરીરની ઊંચાઈ |
|---|---|---|---|
| દેવકુરુ અને ઉત્તરકુરુમાં | પહેલા આરા જેવો | ૩ પલ્યોપમ | ત્રણ ગાઉ |
| હરિવર્ષ અને રમ્યકમાં | બીજા આરા જેવો | ૨ પલ્યોપમ | બે ગાઉ |
| હિમવંત અને હૈરણ્યવંતમાં | ત્રીજા આરા જેવો | ૧ પલ્યોપમ | એક ગાઉ |
| મહાવિદેહમાં | ચોથા આરા જેવો | ૧ પૂર્વક્રોડ વર્ષ | ૫૦૦ ધનુષ |
| ભરત અને ઐરાવતમાં | ૧ થી ૪ આરામાં | ઉપર પ્રમાણે | ઉપર પ્રમાણે |
| ભરત અને ઐરાવતમાં | પાંચમા આરામાં | ૧૩૦ વર્ષ | ૭ હાથનું |
| ભરત અને ઐરાવતમાં | છઠ્ઠા આરામાં | ૨૦ વર્ષ | ૨ હાથનું |

**તિર્યક્ - યોનીનાં ચ** 3-૧૮

**શબ્દાર્થ :** તિર્યક્ યોનીનાં = તિર્યગ્ યોનિથી ઉત્પન્ન થયેલા તિર્યંચોની.

**સૂત્રાર્થ : તિર્યંચ યોનિના જીવોની પણ (ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ અનુક્રમે ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત હોય છે.)**

| જીવ | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|
| પૃથ્વીકાય | ૨૨ હજાર વર્ષ |
| અપ્કાય | ૭ હજાર વર્ષ |
| તેઉકાય | ૩ દિવસ - રાત્રી. |
| વાયુકાય | ૩ હજાર વર્ષ |
| વનસ્પતિકાય | ૧૦ હજાર વર્ષ |
| બેઈન્દ્રિય | ૧૨ વર્ષ |
| તેઈન્દ્રિય | ૪૯ દિવસ |
| ચઉરિન્દ્રિય | ૬ મહિના |

| | |
|---|---|
| પંચેન્દ્રિય ગર્ભજ જલચર | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય ગર્ભજ ઉરપરિસર્પ | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય ગર્ભજ ભુજપરિસર્પ | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય ગર્ભજ ચતુષ્પદ | ત્રણ પલ્યોપમ |
| પંચેન્દ્રિય ગર્ભજ ખેચર | પલ્પોપમનો અસંખ્યાત્મો ભાગ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ જલચર | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ઉરપરિસર્પ | ૫૩૦૦૦ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ભુજપરિસર્પ | ૪૨૦૦૦ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ચતુષ્પદ | ૮૪૦૦૦ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ખેચર | ૭૨૦૦૦ વર્ષ |

| જીવો | કાયસ્થિતિ |
| --- | --- |
| પૃથ્વીકાય - અપ્કાય | અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી |
| તેઉકાય - વાયુકાય | અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી |
| પ્રત્યેક વનસ્પતિકાય | અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી |
| સાધારણ વનસ્પતિકાય | અનંત ઉત્સર્પિણી અવસર્પિણી |
| વિકલેન્દ્રિય | સંખ્યાતા હજાર વર્ષ |
| ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ - મનુષ્ય | ૭ કે ૮ ભવ |